# ‘મોદી મંત્ર’નો ભાજપના નેતાઓ અને કાર્યકરો અમલ કરે તે મોટી ‘લોકસેવા’ ગણાશે

**કોંગ્રેસ સહિત અન્ય રાજકીય પક્ષોએ પણ કોરોનાની આચારસંહિતા પાળીને ઉદાહરણ પુરું પાડવું જોઈએ**

ગાંધીનગર તા ૨૦

કોરોના કાળના આઠ મહીના દરમિયાન આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાતમી વાર રાષ્ટ્રજોગ સંબોધન કર્યુ હતુ. લોકડાઉન નથી પરંતુ હાલ કોરોના હજુ ગયો નથી ત્યારે નાગરિકોએ વધુ જાગૃત અને સાવધાન રહેવાની અનિવાર્યતા છે. દેશમાં કોરોનાનો રીકવરી રેશિયામાં પણ ઘણો સુધારો છે. જયારે મૃત્યુઆંક અન્ય દેશ કરતા ઓછો છે. તહેવારોની ઉજવણીમાં નવા ઉમંગ ઉત્સાહનો સંચાર થાય તે અનિવાર્ય

**સમયસર**

છે. ત્યારે નાગરિકોએ જરા પણ લાપરવાહી દાખવવાની જરૂર નથી સોશિયલ ડીસ્ટન્સીંગ અને માસ્ક સહીતના નિયમોનુ યોગ્ય પાલન થાય તે પણ જરૂરી છે. દુનિયાના અનેક દેશમાં કોરોના નિયંત્રિત થઈને ફરી બેકાબુ બન્યો છે. ત્યારે આ પ્રકારની ચિંતાજનક સ્થિતિ અંગે દેશવાસીઓએ વધુ સાવધ રહેવાની અનિવાર્યતા છે. પ્રધાનમંત્રીની આ વાતનો સૌ પ્રથમ કડક અમલ ખુદ ભાજપના જ નેતાઓ અને કાર્યકરોએ કરવાની અનિવાર્યતા છે. દેશમાં કોરોનાનુ સંક્રમણ અટકાવવા માટે કોવિડ -૧૯ ના પ્રારંભિક દૌરથી જ પ્રધાનમંત્રી સતત રાષ્ટ્રજોગ સંબોધન કરી દેશવાસીઓના આરોગ્યની ચિંતા કરી રહ્યા છે. દો ગજની દુરી, માસ્ક અને સેનેટાઈઝેશન સહીતના નિયમોનુ પાલન કરવા ઉપરાંત કામ સિવાય ઘરની બહાર ન નિકળવા માટે પણ વારંવાર અપીલ કરવામાં આવી રહી છે. પરંતુ આ વાત રાજકીય પક્ષોના ગળે જાણે ઉતરતી જ નથી. રાજકીય સભા, સરઘસ, રેલીના આયોજન કરી સોશિયલ ડીસ્ટન્સીંગના લીરા ઉડાડતા નેતાઓ આમ નાગરિકોને શુ સંદેશો આપવા માંગે છે તે વાત હજુ આઘાતજનક છે. ચુંટણી સભા, સરઘસોના લીધે કોઈવાર સામાન્ય નાગરિકોને પણ કોરોના હવા થઈ ગયો હોવાની ફીલીંગ્સ આવે છે. જેના મુળમાં ખુદ ભાજપ અને અન્ય રાજકીય પક્ષના નેતાઓ છે. નેતાઓની આવી બિન્દાસ્તગીરીના લીધે દેશના નાગરિકો પણ દો ગજની દુરી બનાવવાના બદલે નિયમોથી દુરી કરી લેતા નજરે પડે છે. કોરોનાનુ સંક્રમણ અટકાવવા માટે પ્રધાનમંત્રી સતત ચિંતા કરી દેશવાસીઓને ધીરજ રાખી સાવચેતી દાખવવા બુસ્ટઅપ કરી રહ્યા છે. કોરોનાના કપરાકાળમાં જન આરોગ્યની ચિંતા કરતા પ્રધાનમંત્રીની અપીલની અવહેલના કરતા ભાજપના નેતાઓ કે અન્ય રાજકીય પક્ષો જરા પણ ખચકાતા નથી જન આરોગ્યના જોખમમાં મુકી સુફિયાણી સલાહ આપતા રાજકીય પક્ષના આગેવાનો ચુંટાયા બાદ પણ જનહીત માટે કદાચ આનાથી વધારે કાંઈ નહી કરી શકે તેનો પરિચય પણ આપી દીધો છે. ચુંટણીના પડઘમ વાગતા જ માત્ર મોદી મેજીકના જોરે પોતાની પહેચાન બનાવવા ઉત્સુક નેતાઓ ચુંટણી ચકરાવો વચ્ચે મહામારીના કપરા સંજોગોમાં માસ્કથી મોં ઢાંકતા નથી પરંતુ મોં ફેરવી રહ્યા હોય તેવા દ્રશ્યો પણ વારંવાર આંખ સામે આવે છે. રાજકીય પક્ષના નેતાઓ અને પાછળ દોટ મુકતા કાર્યકરોનો આ મિજાજ જનહીતના પરિબળોને ઠેસ પહોંચાડતો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. હાલ જનઆરોગ્યના જોખમે મત બટોરવાની પેરવીમાં મસ્ત અને વ્યસ્ત બનેલા રાજકીય પક્ષોમાં સંવેદનશીલતાનો શુન્યવકાશ હોવાનો અહેસાસ આમ નાગરિકો કરી રહ્યા છે. ભાજપ સહીત રાજકીય પક્ષો માટે પ્રધાનમંત્રીની આ અપીલની અસર ટી વી ઓન ઓફ થાય ત્યાં સુધી જ જોવા મળે છે તે સાચા અર્થમાં ભદ્ર સમાજના સભ્યો માટે ઘેરી ચિંતાનો વિષય છે.

# સ્ટેશન પાછળ દબાણકર્તાઓનો ફરી અડ્ડો

**તંત્રને જાણ થતા છાપરા તોડીને દબાણો દુર કર્યા : કોલવડાથી મુળ જગ્યાએ પરત આવેલા દબાણકર્તાઓમાં પ્રબળ આક્રોશ**

**તંત્રએ સ્થળ પર બુલડોઝર દોડાવી દબાણો દુર કર્યા : આખરે સામાન પરત ભરીને ઝુંપડાવાસીઓ નવી જગ્યાની શોધમાં**







ગાંધીનગર તા ૨૦

શહેરના રેલવે સ્ટેશન પાછળના વિસ્તારમાંથી અગાઉ તંત્રએ દબાણો દુર કર્યા હતા. જો કે આ દબાણકર્તાઓ છેલ્લા બે દિવસમાં પોતાના સામાન સાથે મુળ જગ્યાએ પરત આવતા તંત્રએ આજે ફરી બુલડોઝર અને પોલીસ બન્દોબસ્ત વચ્ચે સ્થળ પરથી દબાણો દુર કરવાની સાથે ઝુંપડાવાસીઓને દુર કરવા માટે કાર્યવાહી હાથ ધરી હતી. આખરે દબાણકર્તાઓ પોતાનો સામાન પાછો ટ્રેકટરોમાં ભરીને નવી જગ્યાની શોધમાં નિકળી પડયા હતા.

શહેરના રેલવે સ્ટેશન પાછળના વિસ્તારમાંથી દબાણો દુર કરાયા બાદ આ ઠેકાણે છેલ્લા બે દિવસથી ફરી દબાણો ગોઠવાઈ ગયા હતા. અગાઉ દબાણો દુર કરાયા બાદ દબાણકર્તાઓ કોલવડા તેમજ વાવોલ સહીતના વિસ્તાર તરફ સ્થળાંતર કરી ગયા હતા. પરંતુ છેલ્લા બે દિવસથી આ ઠેકાણે દબાણકર્તાઓએ પોતાના માલ સામાન ફરી મુળ જગ્યાએ ખસેડવાનુ શરૂ કરતા આજે તંત્રએ ફરી દબાણો દુર કરવા માટે

● અનુસંધાન પાન-૭ પર

# શાળાઓમાં ૨૯ ઓકટોબરથી ૨૧ દિવસનુ દિવાળી વેકેશન જાહેર કરાયુ

**છેલ્લા આઠ મહીનાથી શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ બંધ છે ત્યારે શિક્ષણ બોર્ડે વેકેશનલ સ્ટાફ માટે રજા જાહેર કરી**

ગાંધીનગર તા ૨૦

કોરોના કપરા કાળમાં શાળા કોલેજોમાં પ્રત્યક્ષ શિક્ષણ બંધ છે. છેલ્લા ઘણાં સમયથી ઓનલાઈન શિક્ષણના આધારે શિક્ષણ કાર્ય ચાલી રહ્યુ છે. ત્યારે શાળાઓમાં હાલ શિક્ષકો સહીત વહીવટી સ્ટાફ કામ કરે છે. આ વેકેશનલ સ્ટાફને અનુલક્ષી શિક્ષણ બોર્ડ દ્વારા આગામી દિવાળી પર્વને અનુલક્ષી તા ૨૯ ઓકટોબરથી ૧૮ નવેમ્બર સુધીના ૨૧ દિવસના દિવાળી વેકેશનની જાહેરાત કરવામાં આવી છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રતિવર્ષ શાળાકીય પ્રવૃતિ માટે કેલેન્ડર તૈયાર કરવામાં આવે છે. જેમાં વેકેશનની તારીખો નિયત કરવામાં આવે છે. જયારે વેકેશનનો આ સમયગાળો તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં લાગુ પડતી હોય છે. જો કે કોરોનાની મહામારીના સંજોગોના લીધે ચાલુ વર્ષ દરમિયાન શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક કાર્ય શરૂ થઈ શકે તેમ ન હોવાથી બોર્ડ કક્ષાએથી શાળાકીય પ્રવૃતિનુ કેલેન્ડર નિયત થઈ શકી નથી. કોરોના કાળમાં શાળા કોલેજોમાં વિદ્યાર્થીઓનુ શિક્ષણ બંધ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતી ચલચિત્રના અભિનેતા નરેશ કનોડિયા કોરોના પોઝીટીવ આવ્યા

**શહેર-જિલ્લામાં કોમ્યુનીટી ટ્રાન્સમિશન થયાની વાતો ચર્ચામાં પણ તંત્ર મૌન : સરકાર અને સ્થાનિક તંત્રના આંકડાઓમાં પણ તફાવત**

ગાંધીનગર, તા. ૨૦

સે. ૮ માં રહેતા અને પૂર્વ ધારાસભ્ય તેમજ ગુજરાતી ચલચિત્ર જગતના હીરો નરેશ કનોડિયાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે યુ.એન. મહેતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

શહેર અને જિલ્લામાં કેસોની સ્થિતિ રાજ્યના અન્ય વિસ્તારો કરતાં વિપરીત જોવા મળી રહી છે. છેલ્લા ઘણા સમયથી શહેર અને જિલ્લામાં ૩૫ થી ૪૦ જેટલા કેસો સતત નોંધાઈ રહ્યા છે.

શહેરમાં પણ ૧૮ થી ૨૧ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં પણ ૧૩ થી ૨૦ જેટલા કેસો નોંધાઈ રહ્યા છે. જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને કારણે જિલ્લામાં કોરોનાનું કોમ્યુનીટી ટ્રાન્સમિશન થઈ ગયુ હોય તેવુ સ્પષ્ટ લાગી રહ્યુ છે.

જો કે તંત્ર દ્વારા આ વાતનો સ્વીકાર કરવામાં આવતો નથી. શહેર અને જિલ્લામાં એક લાખથી વધુ લોકોના ટેસ્ટ થઈ ચુક્યા છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૫૦૪ કેસ કોરોનાના નોંધાયા છે અને ૮૭ દર્દીઓના મોત થયાનું સરકાર સ્વીકારી રહી છે. ૩૬૨૩ દર્દીઓ કોરોનામુક્ત થયાનું પણ સરકાર કહી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં ૨૦ કેસ કોરોનાના નોંધાયા

**ગાંધીનગરમાં ૧૩, દહેગામમાં ૨, કલોલમાં ૫ કેસ : ૨૧૯૦ દર્દીઓ કોરોનામુક્ત થયા : ૧૪૫૭૪ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે કોરોનાના વધુ ૨૦ કેસ મળી આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે. જે રીતે કેસોની સંખ્યામાં સતત બદલાવ થઈ રહ્યો છે તેને તંત્રએ ગંભીરતાથી લીધો છે અને તે દિશામાં નવી વ્યુહરચના તૈયાર કરવા માટે મન બનાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં આજે મળી આવેલ ૨૦ કેસમાંથી નવ મહિલા દર્દી તરીકે મળી આવી છે. તંત્રની ચિંતા આને કારણે વધવા પામી છે. જિલ્લામાં આજે જે ૨૦ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગરમાં ૧૩, દહેગામમાં ૨ અને કલોલમાં ૫ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકામાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ પણ તંત્રની ચિંતા વધી રહી છે. સેમી અર્બન વિલેજીસમાંથી કેસોની સંખ્યા વધુ મળી રહી છે. તંત્રએ આ સેમી અર્બન વિલેજીસમાં સર્વેલન્સ અને ટેસ્ટીંગની પ્રક્રિયા સઘન રીતે હાથ ધરવા સૂચનાઓ આપી હોવાનું બિનસત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

ગાંધીનગર નજીક આવેલ વાવોલ ગામેથી આજે એક જ દિવસમાં ત્રણ કેસ મળી આવ્યા છે. એક દંપત્તિ અને એક વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

વાવોલમાંથી ૫૭ વર્ષીય કર્મયોગી, ૫૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૭૨ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વૃદ્ધાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

હોટસ્પોટ બનેલ કુડાસણમાંથી પણ આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. જેમાં બે કર્મયોગી

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કોરોના કેસોની સંખ્યા ૧૭૦૦ થઈ

**સે. ૫ માંથી ૩, સે. ૨૧માંથી ૩, સે. ૨૨ માંથી ૨, સે. ૨૭ માંથી ૨, સે. ૨૬માંથી ૨ ઉપરાંત સે. ૨૪, ૨, ૩૦, ૨૮, ૧૨ અને ૧૩ માંથી કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૨૧ કેસ મળી આવ્યા છે. આ સાથે કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૭૦૦ પર પહોંચી છે.

શહેરમાં વધતા જતા કેસોએ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. સે. ૫ માંથી આજે પણ વધુ ૩ કેસ મળી આવ્યા છે. આજે નોંધાયેલા કેસોમાં ૭ મહિલા દર્દી છે. ૧૨ જેટલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આજે સે. ૫ માંથી ૩, સે. ૨૧માંથી ૩, સે. ૨૨ માંથી ૨, સે. ૨૭ માંથી ૨, સે. ૨૬ માંથી ૨ ઉપરાંત સે. ૨૪, ૨, ૩૦, ૨૮, ૧૨ અને ૧૩ માંથી કેસો મળી આવ્યા છે.

સારવાર માટે દાખલ કરાયેલા વૃદ્ધનું સારવાર દરમ્યાન મોત થયુ છે. શહેરમાં આ સાથે મૃત્યુઆંક ૨૭ પર પહોંચ્યો છે.

સે. ૨૪માંથી આજે એક ૭૨ વર્ષીય વૃદ્ધ નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

સે. ૨૨માંથી આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૨૨ માં સતત કેસોની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

સે. ૨૨માં રહેતા ખાનગી કંપનીમાં ઈજનેર તરીકે ફરજો બજાવતા ૩૦ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવકે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આ ઉપરાંત ઈન્ડિયન બેંકની નરોડા શાખામાં ફરજો બજાવતા ૪૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે.

શહેરનું હાર્દ ગણાતા સે. ૨૧ માં પણ જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. આજે સે. ૨૧ માંથી ૩ દર્દી મળી આવ્યા છે.

૭૫ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે. ચેતક કમાન્ડોમાં ફરજ બજાવતા ૩૨ વર્ષીય કોરોના વોરિયર્સનો રિપોર્ટ પોઝીટીવ આવતાં આ કોરોના વોરિયર્સે હોમ આઈસોલેસનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત સચિવાલયની સલામતી શાખામાં ફરજ બજાવતા અને સે. ૨૧માં રહેતા ૫૧ વર્ષીય કોરોના વોરિયર્સનો રિપોર્ટપણ પોઝીટીવ આવ્યો છે. આ વોરિયર્સે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શિક્ષણ વિભાગમાં ડે.એસ.ઓ. તરીકે ફરજો બજાવતા અને સે. ૩૦ માં રહેતા ૨૮ વર્ષીય યુવાન અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવા અધિકારીએ પણ હોમ આઈસોલેસનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૫ માંથી આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. ૪૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૫ માં રહેતા અને જીઈબીમાં કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતા ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેસનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત આજે સેકટરમાંથી ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે એસ.એમ.વી.એસ.માં દાખલ કરાયા છે.

સે. ૨ માંથી ૭૭ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમનો સારવાર માટે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૮ માં રહેતા અને પોલીસ ભવનમાં ફરજો બજાવતા ૩૬ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે.

સે. ૨૭ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. સરકારી કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતા ૩૨ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ખાનગી કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજો બજાવતી ૨૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

GIL
Enabling e-Governance
**ડ્રાયફ્રુટ ગિફ્ટ પેકના ભાવ મંગવવા બાબતે**
૧ કિ.ગ્રા.ના ડ્રાયફ્રુટના ભાવ રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી બંધ કવરમાં **તારીખ ૨૮.૧૦.૨૦૨૦, ૧૫.૦૦ વાગ્યા સુધી** મંગાવવામાં આવે છે. ટેન્ડરની નકલ નીચે મુજબ જણાવેલ સરનામેથી **રૂા. ૫૦૦/- રોકડા** આપીને મેળવવાની રહેશે.
**ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લી.**
બ્લોક નં. ૨/૨ માળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર. ફોન નં. : ૦૭૯-૨૩૨ ૫૯૨૩૨
મેનેજીંગ ડિરેક્ટર

**વેચવાની છે**
વેચવાની છે AL Dost LS Strong-2018 સારી કંડીશનમાં
ચેતન : ૭૦૪૩૩ ૩૨૭૦૦

**વેચવાની છે**
વેચવાની છે AL Dost + LX HSD-2019 સારી કંડીશનમાં
ચેતન : ૭૦૪૩૩ ૩૨૭૦૦

**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેકટર-૨૬ માં
SURMOUNT HOSPITAL
**સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ**
EMERGENCY 24 HOURS SERVICES
સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
**ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)**
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
**સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)**
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
**મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)**
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
**પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)**
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
**કાન, નાક, ગળા વિભાગ**
(દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
**ન્યુરો સર્જરી વિભાગ** (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com